નોંધણી નં.સે-૪૮૬૯
તા.૩૦-૦૯-૧૯૭૪

‘વિના સહકાર નહી ઉધ્ધાર’

રિઝર્વ બેંક લાયસન્સ
નં. UBD. P 717 (Guj) Date : 06-12-86

# ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ.

તા. ૩૧-૦૩-૨૦૧૯ ના રોજ પુરા થતાં વર્ષનો

# અહેવાલ તથા હિસાબ

## વર્ષ: ૪૫




IMPS
Fund Transfer 24x7

BBPS
Utility Bill Payment

Debit Card

RTGS/NEFT



Mobile Banking

Statement on E-mail

Transaction Alerts by SMS

## આપણી બેંક નાગરીક બેંક



ભારતની તમામ સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટી માટે રચાયેલ નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપ. બેંક એન્ડ ક્રેડિટ સોસાયટી લિ., ન્યુ દિલ્હીની દિલ્હી મુકામે આયોજિત ચૂંટણીમાં આપણા ચેરમેનશ્રી ગૌતમભાઈ ઉમીયાશંકર વ્યાસે મેળવેલ ઝળહળતી સફળતા બદલ ગૌરવની અનુભતી સહિત આનંદ અનુભવી અભિનંદન પાઠવીએ છીએ.








આપણી બેંકના ચેરમેનશ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપ. બેંક એન્ડ ક્રેડિટ સોસાયટી લિ. ની ચૂંટણીમાં ઝળહળતી સફળતા મેળવવા બદલ વિવિધ સહકારી સંસ્થાઓ તથા બેંકો દ્વારા કરવામાં આવેલ સન્માન.




નેશનલ ફેડરેશન ઓફ કો. ઓપ. બેંકસ એન્ડ ક્રેડીટ સોસાયટી લી. (NAFCUB) દિલ્હીના ડાયરેક્ટર તરીકે બેંકના ચેરમેન શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ ચૂંટાયા તે બદલ બારડોલીની ક્રેડીટ સોસાયટીઓ, સહકારી બેંકો તેમજ સામાજીક સંસ્થાઓએ યોજેલ સન્માન સમારંભમાં બેંકના વાઈસ ચેરમેન શ્રી હીરાચંદ જી. શાહ બેંકના ચેરમેન શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ તથા પ્રાંસંગિક પ્રવચન આપતાં સરદાર પટેલ ક્રેટીટ સોસાયટી ના પ્રમુખ શ્રી જ્યંતીભાઈ પરભુભાઈ પટેલ



તા. ૨૩-૦૬-૨૦૧૯ ના દક્ષિણ ગુજરાત સંસદ સભ્ય અભિવાદન સમારોહમાં સંસદ સભ્યશ્રી સી. આર પાટીલ ને મોમેન્ટો આપતાં બેંકના ચેરમેન શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ તથા સંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષને મોમેન્ટો આપતા બેંકના મેનેજીંગ ડીરેક્ટર ડો. ચેતનભાઈ સી. પટેલ તથા બેંકના બોર્ડ ઓફ ડીરીક્ટરશ્રીઓ



કોવાલમ, થીરુવનન્થપુરમ, કેરાલા મુકામે ૨૦૧૮-૧૯ દરમ્યાન યોજેલ ૧૧મો SCOBA પ્રાઈડ એવોર્ડ સમારંભમાં કેરાલા સ્ટેટના સહકાર, ટુરીઝમ મંત્રી શ્રી કડાકામ્પલ્લી સુરેન્દ્રનના વરદહસ્તે એવોર્ડ સ્વીકારતાં બેંકના ચેરમેન શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ, બેંકના મેનેજીંગ ડીરેક્ટર ડો. ચેતનભાઈ છોટુભાઈ પટેલ, બેંકના ડીરેક્ટરશ્રીઓ શ્રી મુકેશભાઈ ડી. પટેલ, શ્રી સુભાષભાઈ ઝેડ. પટેલ, શ્રી કેતનભાઈ આર. પટેલ.



આપણી બેંક દ્વારા બેંકના સભાસદો તથા ગ્રાહકો માટે તા. ૬/૫/૨૦૧૯ ને સોમવારના રોજ સરદાર પટેલ ટાઉન હોલ બારડોલી ખાતે મહાત્મા ગાંધીજીના ચરિત્ર પર આધારિત ''ભારત ભાગ્ય વિધાતા'' નાટકનું બેંક દ્વારા થયેલ સુંદર આયોજન.

**બેંકના તમામ સભાસદો અને ગ્રાહકોની સગવડતા ધરાવતી અત્યંત આધુનિક અને વાતાનુકુલીત નવનિર્મિત બેંકની હેડ ઓફિસ શાખાનું શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯ ના રોજ ઉદ્ઘાટન કરતા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ, કર્મચારી ગણ તથા આંમત્રીતો.**


























# બોર્ડ ઓફ ડિરેક્ટર્સની યાદી ૨૦૧૮-૧૯

| ક્રમ | હોદ્દો | નામ | ફોન ઓફિસ |
|---|---|---|---|
| ૧. | ચેરમેનશ્રી | શ્રી ગૌતમભાઈ ઉમિયાશંકર વ્યાસ | ૯૪૨૬૧ ૦૪૦૩૦, ૨૨૩૨૩૮, ૨૨૦૮૬૨ |
| ૨. | વા. ચેરમેનશ્રી | શ્રી હીરાચંદ ગમંડીરામ શાહ | ૯૮૨૫૧ ૩૩૨૦૭, ૨૨૦૭૪૨, ૨૫૫૧૭૩ |
| ૩. | એમ.ડી.શ્રી | ડો. ચેતનકુમાર છોટુભાઈ પટેલ | ૯૭૧૨૦ ૬૦૬૦૫, ૨૨૨૮૬૪ |
| ૪. | ડિરેક્ટરશ્રી | શ્રી જગુભાઈ કલ્યાણજીભાઈ પટેલ | ૯૮૨૫૪ ૦૫૭૪૩, ૨૨૦૭૪૩, ૨૨૦૩૪૭ |
| ૫. | ડિરેક્ટરશ્રી | શ્રી સુરેશચંદ્ર છોટાલાલ શાહ | ૯૩૭૬૧ ૨૬૭૨૬, ૨૨૩૦૫૬ |
| ૬. | ડિરેક્ટરશ્રી | શ્રી મુકેશભાઈ દલસુખભાઈ પટેલ | ૯૮૨૫૨ ૯૬૭૨૭, ૨૨૩૩૫૧ |
| ૭. | ડિરેક્ટરશ્રી | શ્રી અમિતકુમાર જયંતિલાલ શાહ | ૯૮૭૯૦ ૪૧૦૦૨, ૨૨૦૨૯૩ |
| ૮. | ડિરેક્ટરશ્રી | શ્રી સુભાષભાઈ ઝવેરભાઈ પટેલ | ૯૮૨૫૧ ૭૪૨૫૬, ૨૨૩૦૭૧ |
| ૯. | ડિરેક્ટરશ્રી | શ્રી હરીશભાઈ લલ્લુભાઈ પટેલ | ૯૪૨૭૪ ૨૧૧૬૧, ૨૨૬૬૫૫ |
| ૧૦. | ડિરેક્ટરશ્રી | શ્રી રાજેશભાઈ નગીનભાઈ પટેલ | ૯૯૨૫૦ ૩૩૮૬૩ |
| ૧૧. | ડિરેક્ટરશ્રી | શ્રી ધનસુખભાઈ છગનભાઈ મોદી | ૯૭૧૨૭ ૯૩૯૮૭ |
| ૧૨. | ડિરેક્ટરશ્રી | શ્રી પ્રદિપભાઈ જયમણિશંકર જોષી | ૯૯૧૩૦ ૨૦૦૦૮, ૨૨૬૨૮૧ |
| ૧૩. | ડિરેક્ટરશ્રી | શ્રી કેતનભાઈ રમેશચંદ્ર પટેલ | ૯૮૨૫૦ ૭૮૮૪૨ |
| ૧૪. | ડિરેક્ટરશ્રી | શ્રી નગીનભાઈ છોટુભાઈ ચૌહાણ | ૯૮૨૫૫ ૦૮૮૪૯ |
| ૧૫. | ડિરેક્ટરશ્રી | શ્રી દિનેશભાઈ છગનભાઈ દેસાઈ | ૯૮૨૪૧ ૧૧૦૫૮ |
| ૧૬. | ડિરેક્ટરશ્રી | શ્રી હિરેનભાઈ છગનલાલ રોહિત | ૯૮૨૪૧ ૫૦૩૧૯ |
| ૧૭. | મહીલા ડિરેક્ટરશ્રી | શ્રીમતી વૈશાલીબેન જયેશકુમાર સોલંકી | ૯૪૨૬૧ ૪૭૮૧૫ |
| ૧૮. | મહીલા ડિરેક્ટરશ્રી | શ્રીમતી કવિતાબેન ગૌતમભાઈ વ્યાસ | ૯૮૭૯૦ ૦૭૫૮૮ |

## અધિકારી ગણ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી આદિલ એસ. ગાંધી | સી.ઈ.ઓ. |
| ૨. | શ્રી પ્રમોદભાઈ આઈ. જેઠીબાઈવાલા | મેનેજર (હે.ઓ.) |
| ૩. | શ્રી હરીશભાઈ એમ. છનિયારા | મેનેજર (ઈ.ડી.પી.) |
| ૪. | શ્રી હરેશભાઈ સી. પટેલ | બ્રાંચ મેનેજર |
| ૫. | શ્રી પ્રકાશભાઈ એસ. વ્યાસ | બ્રાંચ મેનેજર |
| ૬. | શ્રી કિશોરભાઈ બી. ધીવર | ઓફિસર |
| ૭. | શ્રી રાકેશભાઈ જે. ઉપાધ્યાય | ઓફિસર |
| ૮. | શ્રી દિનેશભાઈ બી. પરમાર | ઓફિસર |
| ૯. | શ્રી રાકેશભાઈ એમ. ભટ્ટ | ઓફિસર |
| ૧૦. | શ્રી વિપુલભાઈ એચ. પટેલ | ઓફિસર |
| ૧૧. | શ્રી કમલેશભાઈ વી. વ્યાસ | ઓફિસર |
| ૧૨. | શ્રી ઉમેશભાઈ એસ. મરચંટ | ઓફિસર |
| ૧૩. | શ્રીમતી મેઘાબેન એસ. શાહ | ઓફિસર |

## કાયદાના સલાહકાર

શ્રી વિપુલભાઈ એસ. પટેલ (બારડોલી)

બી.કોમ. એલ.એલ.બી.

## ઓડિટરશ્રી

માલુ ભટ્ટ એન્ડ કંપની

પાર્ટનર શ્રી નીતીનકુમાર ખોડે

ચાર્ટડ એકાઉન્ટન્ટસ

પેનલ નં. : ૭૨૨, મેમ્બરશીપ નં. : ૧૨૫૨૦૪

વડોદરા - ૩૯૦૦૨૩

## :: આમંત્રણ ::

આથી આ બેંકના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે સને ૨૦૧૮-૧૯ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૨-૦૯-૨૦૧૯ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે મંછાબા હોલ, સ્ટેશન રોડ, બારડોલી મુકામે એજન્ડાના નીચે જણાવેલા કામો માટે રાખવામાં આવી છે. તો સમયસર હાજર રહેવા વિનંતી છે.

## :: એજન્ડા ::

૧. ગત તા. ૧૭-૦૮-૨૦૧૮ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન કરી બહાલ રાખવા બાબત.

૨. સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષનો બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજૂર કરેલ અને સ્ટેચ્યુટરી ઓડિટરે ઓડિટ કરેલા હિસાબો મંજૂર કરવા બાબત.

૩. પેટા નિયમો મુજબ ચોખ્ખા નફાની વહેંચણી મંજૂર કરવા બાબત.

૪. સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષના સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીના ઓડિટ રિપોર્ટનું વાંચન કરવા બાબત.

૫. સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે કન્કરન્ટ ઓડિટરશ્રી તથા ઈ.ડી.પી. ઓડિટરશ્રી ની નિમણૂંક કરવા તથા તેનું વેતન નકકી કરવા બાબત.

૬. પરિશિષ્ટ મુજબ બોર્ડ ઓફ ડીરેકટર્સે ભલામણ કરેલ પેટા કાયદાના સુધારા વધારા બહાલ રાખી જીલ્લા રજીસ્ટ્રારશ્રીની મંજૂરી મેળવવા બાબત.

૭. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતા અન્ય કામો બાબત.

તા. ૧૯-૦૬-૨૦૧૯

બારડોલી - ૩૯૪૬૦૧

-: બોર્ડ ઓફ ડીરેકટર્સની સૂચનાથી :-

ડો. ચેતનકુમાર સી. પટેલ

માનદ્ મેનેજિંગ ડિરેકટરશ્રી

## સભાસદો જોગ સૂચના

રજૂ કરેલ હિસાબો બાબતમાં ખુલાસની જરૂર હોય તો સભાના ત્રણ દિવસ અગાઉ બેંકની ઓફિસથી જાણી લેવા વિનંતી છે.

**સભાસદ સંખ્યા - ૧૫૦૭૧ (રકમ ₹ લાખમાં)**

| | | | |
|---|---|---|---|
| મંજુર થયેલ શેર ભંડોળ | : | ₹ | ૧,૦૦૦.૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | ₹ | ૫૭૮.૪૨ |
| કુલ થાપણો | : | ₹ | ૨૦,૭૨૦.૭૩ |
| કુલ ધિરાણો | : | ₹ | ૧૩,૬૭૭.૩૮ |
| રિઝર્વ ફંડ તથા અન્ય ફંડો | : | ₹ | ૧,૦૮૫.૭૩ |
| કામકાજનું ભંડોળ | : | ₹ | ૨૩,૧૮૯.૧૮ |

# ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ., બારડોલીએ છેલ્લા ત્રણ વર્ષમાં બેંકીગ ક્ષેત્રે પ્રાપ્ત કરેલ એવોર્ડર્સ

**2015-16 9th SCOBA Pride Award**

(1) Profitability Management - First Prize

(2) Financial Stability - Runners up

(3) Public Relation & Social Activities - Runners up

(4) Award Competation Conducted by

The Surat Jilla Sahakari Sangh, Surat]

Best Co-op. Bank - First Prize

**2016-17 10th SCOBA Pride Award**

1) Financial Stability - First Prize

**2017-18 11th SCOBA Pride Award**

1) Total Business Growth & Expansion - Runner Up

2) Profitability Management - Runner Up

## થાપણના દરો (તા. ૧૮–૦૪–૨૦૧૯ થી અમલમાં)

| ક્રમ | સમય | વ્યાજનો દર |
|---|---|---|
| ૧ | ૧૫ દિવસથી ૪૫ દિવસ | ૪.૫૦ % |
| ૨ | ૪૬ દિવસથી ૯૦ દિવસ | ૫.૫૦ % |
| ૩ | ૯૫ દિવસથી ૩૬૪ દિવસ | ૬.૫૦ % |
| ૪ | ૧ વર્ષ થી ૩ વર્ષ | ૭.૨૫ % |
| ૫ | ૩ વર્ષથી વધુ | ૭.૨૫ % |

રૂા. ૧/– લાખ સુધીની થાપણ ઉપર રિઝર્વ બેંકની DICGC યોજના મુજબ વીમા રક્ષણ આપવામાં આવે છે.

# ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ., બારડોલી

ઉપલી બજાર, બારડોલી-૩૯૪૬૦૧, જી. સુરત

## :: પ્રમુખશ્રીનું નિવેદન ::

માનવંતા સભાસદ ભાઈઓ તથા બહેનો

આપ સૌ સભાસદોને જણાવતા આનંદ થાય છે કે આપણી બેંક સહકારી માળખામાં રહીને બેકીંગ કામકાજ કરી યશસ્વી કારકિર્દી સાથે ૪૫ વર્ષ પુરા કરી ૪૬માં વર્ષમાં પ્રવેશી ચુકી છે. આ સમયે ૪૫મા વર્ષની વાર્ષિક સાધરણ સભામાં આપ સર્વેનું હૃદયપૂર્વક સ્વાગત કરતા આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

આપ સમક્ષ બેંકની પ્રણાલિકા મુજબ તંદુરસ્ત, સુંદઢ અને નક્કર પ્રગતિ થઈ છે. તે માટે તા. ૩૧-૦૩-૧૯ના રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતુ તથા પાકુ સરવૈયું કામકાજના સંક્ષિપ્ત વૃત્તાંત આપશ્રીને રજૂ કરતાં ગર્વની લાગણી અનુભવું છું.

**અતુટ વિશ્વાસ :**

આપણી બેંક ૪૫ વર્ષના સમયગાળામાં બારડોલી શહેરની નામાંકિત બેંકોની હરોળમાં આવી છે. તા. ૩૧-૩-૧૯ ના રોજ ૧૫૦૭૧ સભાસદો તથા રૂા. ૫.૭૮ કરોડ શેરભંડોળ ધરાવતી આપણી બેંકે 'અ' વર્ગ પ્રાપ્ત કર્યો છે. તેમજ લોકોનો અતૂટ વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. રૂા. ૨૦૭.૨૧ કરોડની થાપણ અને રૂા. ૧૩૬.૭૭ કરોડનું ધિરાણ મળી કુલ રૂા. ૩૪૩.૯૮ કરોડના બિઝનેશ સાથે પારદર્શક વહિવટ કરેલ છે. બેંકે રૂા. ૧૦૪.૯૯ લાખનો ચોખ્ખો નફો પ્રાપ્ત કરેલ છે.

**૧૨% ડિવિડન્ડની ભલામણ :**

વર્ષ દરમ્યાન ૭૧૯ સભાસદોના વધારા સાથે ૪૧.૬૦ લાખ શેર મૂડીના વધારા સાથે તા. ૩૧-૩-૧૯ ના રોજ ૧૫૦૭૧ સભાસદોના પરિવાર સાથે શેરમૂડી રૂા. ૫.૭૮ કરોડ છે વર્ષ ૨૦૧૮-૧૯ માં બેંકે પેટા કાયદાની તમામ જોગવાઈઓ કર્યા પહેલાનો નફો રૂા. ૧૭૧.૭૦ લાખ હતો જેમાંથી આવક વેરાની જોગવાઈ રૂા. ૬૬.૭૧ લાખ તથા અન્ય જોગવાઈ બાદ કર્યા પછીનો નફો રૂા. ૧૦૪.૯૯ લાખ થયો છે. બેકીંગ મર્યાદા ધ્યાનમાં લઈને અને બોર્ડ ઓફ ડીરેકટર્સ તરફથી ૧૨% ડિવિડન્ડ આપવાની ભલામણ કરવામાં આવી છે. મને આશા છે કે આપ સર્વ સભાસદો આ ભલામણને મંજુરી આપશો.

**રીઝર્વ તથા અન્ય ફંડો :**

કોઈપણ સંસ્થાની આર્થિક સધ્ધરતાનો ખ્યાલ એના ભંડોળ પરથી આવી શકે છે. બેંકે ૪૫માં વર્ષમાં ૧૦.૮૬ કરોડ રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ ઉભુ કરેલ છે. તથા ૩૧-૩-૧૯ ના રોજ બેંકની ભરપાઈ થયેલ શેર મૂડી રૂા. ૫.૭૮ કરોડ છે. આ શેર મૂડી સહિત બેંકનું કુલ ભંડોળ રૂા. ૧૬.૬૪ કરોડ છે. જે બેંકની સધ્ધરતા બતાવે છે.

**અકસ્માત વિમા કવચ :**

બેંકના સભાસદોના પરિવાર પર અકસ્માતે આવી પડેલ મુશ્કેલી સમયે આર્થિક રીતે સહાયરૂપ થવાની ભાવનાને સર્વેએ પ્રશંનીય ગણાવી છે બેંક દ્વારા ૨૦૧૭-૧૮ના વર્ષમાં બેંકે રૂા. ૩,૦૦,૦૦૦-૦૦ લાખની અકસ્માત વીમા પોલીસી હેઠળ વીમા કવચ સભાસદો માટે લેવામાં આવે છે. જેમાં ૨ સભાસદના અકસ્માતમાં મૃત્યુ થતાં રૂા. ૬,૦૦,૦૦૦ વીમા ક્લેઈમનાં ચુકવવામાં આવેલ છે. તેમજ આપણા દેશનાં **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** જાહેર કરેલ **પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજનામાં** પણ આપણી બેંક જોડાયેલ છે. જેનો લાભ આપણી બેંકના ખાતેદારોએ લીધેલ છે.

**થાપણોનો વિમા કવચ :**

બેંકોની કુલ થાપણો ઉપર **RBI**ના નિયમ મુજબ ભરવાનું થતુ **DICGC**નું પ્રિમિયમ દર છ માસે નિયમીત ભરવામાં આવે છે. જેથી થાપણદારોની રૂા. ૧ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષીત છે.

**ધિરાણની વસુલાત :**

સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન બેંક દ્વારા ઓવરડયુ બાકીદારો સાથે સાદી નોટીસ, વકીલ નોટીસ તેમજ વ્યકિતગત મુલાકાતો લઈ વસુલાત બાબતે સક્રિય પ્રયત્નો કરવામાં આવ્યા છે. તે ઉપરાંત વસુલાતના કડક કાયદા પ્રમાણે બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં તથા ચેક રિર્ટન હેઠળ કલમ ૧૩૮ મુજબ ફોજદારી રાહે વસુલાતની કામગીરી કડક હાથે કરવામાં આવેલ છે. જેના પરિણામ રૂપ આપણી બેંકનું ગ્રોસ **NPA ૧.૧૨** ટકા રહ્યું છે. તથા પ્રોવિઝન કર્યા બાદનું **NPA 'O'** ટકા છે. જે બેંકની ધિરાણ અને વસુલાત બાબતની સુંદર કામગીરી તથા બેંકની સધ્ધરતા અને કાર્યદક્ષતા બાબતોનો નિર્દેશ કરે છે.

**નફાની ફાળવણી :**

આપણી બેંકનો ચાલુ વર્ષનો ચોખ્ખો નફો ૧૦૪.૯૯ લાખ થયો છે. તે બેંકના પેટા કાયદા અન્વયે અહેવાલ તથા હિસાબનાં પાનાં નં. ૧૬ પ્રમાણે ફાળવણી કરવામાં આવેલી છે. જેની બોર્ડ ઓફ ડીરેકટર્સે ભલામણ કરેલ હોઈ આશા છે કે આપ સૌ તેને મંજુર રાખશો.

**ગૌરવની લાગણી :**

સહર્ષ જણાવતાં આનંદની લાગણી અનુભવું છું કે બેંકના પ્રતિનિધી તરીકે ધી સાઉથ ગુજરાત કો.ઓ. બેંક એસોસીએશન **(SCOBA)** સુરતમાં વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત અર્બન કો.ઓ. બેંકસ ફેડરેશન અમદાવાદમાં ડાયરેકટર અને ધી સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક લિ. સુરતમાં પ્રોફેશન ડાયરેકટર તરીકે સેવા આપી રહ્યો છું. તે ઉપરાંત રાષ્ટ્રીય સ્તરની સંસ્થા નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો.ઓ. બેન્કીંગ એન્ડ ક્રેડીટ સોસાયટી લિ. **(NAFCUB)** દિલ્હી ની ફેબ્રુઆરી ૨૦૧૯ ની યોજયેલી બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીમાં ભારી બહુમતીથી ડાયરેકટર તરીકે ચૂંટાયેલ છું અને તે સંસ્થાઓમાં અંગત રસ લઈ બેકીંગ ક્ષેત્રમાં કો.ઓ. બેંકનો વિકાસ, પ્રગતિ, પ્રશ્નોનો નિકાલ તેમજ હાલના ડીજીટલ બેંકીગની બાબતોમાં કો.ઓ. બેંકો કેવી રીતે આગળ આવે તે અંગેની મારી ભૂમીકા ભજવી રહ્યો છું. જે આપણી બેંક માટે ખૂબજ ગૌરવ લેવા જેવી વાત છે.

**ATM અને MOBILE BANKING ની સેવા શરૂ કર્યા બાબત :**

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે બેંકનું કાર્યક્ષેત્ર વધતા તેમજ બેંકના સભાસદો, ગ્રાહકોને સારી, ગુણવત્તાસભર ઝડપી સેવા અને સુવિધા મળી રહે તે માટે તેમજ આજના આધુનિક યુગમાં ડીજીટલ બેંકીગને અનુરૂપ આપણી બેંકે **ATM** ની સેવા શરૂ કરેલ છે. અને **Rupay Debit Card** આપી કેશલેસ

ટ્રાન્ઝેકશનને વેગવંતુ બનાવવાની શરૂઆત કરી દીધેલ છે. જેને સારો પ્રતિસાદ મળેલ છે. વધુમાં બેંકે **Mobile Banking** એપ્રિલ - ૨૦૧૯ થી શરૂ કરી દીધેલ છે. જેનો આપણી બેંકના ઘણા ખાતેદારોએ લાભ મેળવેલ છે.

**હેડઓફિસનું નવુ બિલ્ડીંગ :**

બેંકે હેડઓફિસના મકાનનું રીનોવેશન કરી અત્યંત આધુનિક, સેન્ટ્રલી એરકન્ડીશન, સાનુકુલ વાતાવરણમાં નવા બિલ્ડીંગનાં કામકાજનો શુભારંભ તા. ૨૬-૦૧-૨૦૧૯ થી કરવામાં આવેલ છે. જેમાં બેંકના સભાસદો, ખાતેદારો માટેની તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**બેંક બાબત :**

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડ લાઈન મુજબ આપણી બેંકે **CBS** (કોર બેકીંગ સિસ્ટમ) કોમ્પ્યુટર પ્રોગ્રામ દાખલ કરી ઈન્ટરનેટ કનેકટીવીટી દ્વારા આપણી બેંકની ચારેય શાખાઓને જોડેલ છે. જેથી આપણી બેંકના ગ્રાહકો કોઈપણ શાખામાંથી નાણાની લેવડ-દેવડ કરી શકે છે. અને તેમના ખાતાં બાબતની માહિતી મેળવી શકે છે. બેંકના ગ્રાહકો માટે **SMS** બેંકીગ **તથા BBPS** (ભારત બીલ પેમેન્ટ સીસ્ટમ) ની સુવિધા શરૂ કરેલ છે.

**નિવૃતિ બહુમાન :**

આપણી બેંકના બે શાખા મેનેજરો શ્રી પ્રકાશભાઈ સન્મુખલાલ વ્યાસ તા. ૩૦-૦૪-૨૦૧૯ ના રોજ તથા શ્રી હરીશભાઈ છોટુભાઈ પટેલ તા. ૩૧-૦૭-૨૦૧૯ ના રોજ બેંકની ફરજમાંથી નિવૃત થયેલ છે. આ તકે તેઓને તેમની સંતોષકારક કામગીરી, નિષ્ઠાપૂર્વકની ફરજ અને તેઓની વફાદારી બદલ તેઓને બીરદાવું છું. અને તેઓની નિવૃતી બાદની જીંદગી ખૂબ તંદુરસ્ત અને આનંદમય બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

**સાંસદશ્રીઓનું સન્માન :**

આપણી બેંક તથા અન્ય કો.ઓ. બેંક તેમજ અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા સંયુકત આયોજન રૂપે દક્ષિણ ગુજરાતના માનનિય સંસદ સભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ તા. ૨૩-૦૬-૨૦૧૯ ને રવિવારના રોજ **Celestial Dreams**, ભરથાણા સુરતમાં શાનદાર યોજાયેલ હતો. તેમાં આપણી બેંકે પણ સંસદ સભ્યશ્રીઓને પુષ્પગુચ્છ તથા મોમેન્ટો આપી સન્માન કરેલું હતું. જે કાર્યક્રમમાં બેંકની બોર્ડના તમામ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :**

બેંક દ્વારા સમયાંતરે જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક/કલ્ચરલ પ્રોગ્રામોનું આયોજન કરવાનુ વિચારેલ છે. જેમાં બેંકના સભાસદોને મેમ્બરશીપ આપવાનું વિચારણા હેઠળ છે. તો જે સભાસદો સાંસ્કૃતિક કાર્યક્રમમાં મેમ્બરશીપ લેવા માંગતા હોય તો તેમના નામો હેડઓફિસમાં તા. ૩૧-૧૨-૨૦૧૯ સુધી નોંધવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે બેંક તરફથી તા. ૦૬-૦૫-૨૦૧૯ ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ચરિત્ર પર આધારિત એક સુંદર નાટ્ય પ્રયોગનું આયોજન કરવામાં આવેલ હતુ. જેના પ્રસ્તુત કરતા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગુજરાત રાજ્ય અને શ્રીમદ્ રાજચંદ્ર મીશન ધરમપુર હતા. આ ઉપરાંત તા. ૨૬-૦૬-૨૦૧૯ ના રોજ "ધમાલ ઈશ્ક" નામનું સુદર ફેમીલી કોમેડી નાટક રાખવામાં આવેલ હતુ જેનો ખૂબ સારો પ્રતિસાદ મળેલ હતો.

**ૠણ સ્વીકાર / શ્રદ્ધાંજલિ :**

આપણી બેંકના ભૂતપૂર્વ ડીરેકટર સ્વ. રમણલાલ મહાશંકર જોષીનું તા. ૮-૦૭-૧૯ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે તેમજ બાબેન જીનના પ્રમુખ સ્વ. જયંતીભાઈ ભુલાભાઈ પટેલનુ દુ:ખદ અવસાન થયેલ છે તથા બેંકના ડીરેકટરશ્રીના પિતાશ્રી પ્રભાતસીંહ અનોપસિંહ ભાડોળા તા. ૧૫-૦૩-૧૯ ના રોજ અવસાન થયેલ છે. તેમજ આપણા દેશના ભૂતપૂર્વ વિદેશમંત્રી સ્વ. સુષ્માબેન સ્વરાજનું દુ:ખદ અવસાન થયેલ છે. તેઓના થયેલ દુ:ખદ અવસાન બદલ ભાવભરી શ્રદ્ધાંજલી આપીએ છીએ અને તેમની સેવાના ૠણ સ્વીકાર કરીએ છીએ. તેમજ આપણી બેંકના નામી-અનામી સભાસદોના થયેલ નિધન બદલ ભાવભીની શ્રધ્ધાંજલી આપીએ છીએ.

**આભાર :**

આપણી બેંકના નેત્રદીપક પ્રગતિના ખરા યથાધિકારીઓ એવા સહુ માનવંતા સભાસદો, ખાતેદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોના સહકારથી બેંકે સુંદર કામગીરી કરેલ છે. બેંક સંચાલનમાં મારા સાથી ડીરેકટર્સ મિત્રોના સાથ સહકાર અને **બેંકના સી.ઈ.ઓ. શ્રી આદીલ એસ. ગાંધી તથા મેનેજરો તેમજ સમગ્ર કર્મચારીગણે** નિષ્ઠાપૂર્વક બજાવેલ કામગીરી અભિનંદનને પાત્ર છે.

બેંકીગ તથા બેંકના વહીવટ કાર્યમાં સહકાર આપવા બદલ **રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તથા સુરત જિલ્લા સહકારી રજિસ્ટ્રારશ્રી તથા સાઉથ ગુજરાત કો.ઓ. બેંક ફેડરેશન, ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી પ્રિયાંકભાઈ એસ. શાહ તથા માલુ ભટ્ટ એન્ડ કુ વડોદરા સ્ટેચ્યુટરી ઓડીટરનો** આ તબકકે આભાર માનું છે.

બેંકના કાયદાના સલાહકાર **શ્રી વિપુલભાઈ પટેલ,** વખતો વખત બેંકમાં આવી કાયદાકીય યોગ્ય અને ન્યાયી સલાહ આપવા બદલ તેમનો હાર્દિક આભાર માનું છું.

બેંકની સધ્ધરતા અંગેની સાચી પરિસ્થિતિ રજુ કરનાર ગુજરાત મિત્ર, ગુજરાત સમાચાર, સંદેશ, નવગુજરાત ટાઈમ્સ, દિવ્ય ભાસ્કર અને ધબકાર જેવા દૈનિક વર્તમાન પત્રો તથા બારડોલીના સ્થાનિક પત્રકારોનો આભાર માનીએ છીએ. અને મંછાબા હોલ, સ્ટેશન રોડ, બારડોલીના પ્રમુખશ્રી તથા કમીટી સભ્યશ્રીઓનો પણ આભાર માનું છું.

અંતમાં બેંકીગ તથા સામાજિક ક્ષેત્રે અવિરત પ્રગતિ કરતી આપણી બેંકને સહાયરૂપ થનાર નામી-અનામી વ્યકિતઓ અને સંસ્થાઓનો આભારી છું.

લિ. આપનો વિશ્વાસુ

**ગૌતમ યુ. વ્યાસ**

ચેરમેનશ્રી

ધી બારડોલી નાગરિક સહકારી બેંક લિ.

**Maloo Bhatt & Co. Vadodra**

**Chartered Accountants**

Phone (O) 0265-2392631
M. : 99240 88339

204-207, Parshwa Complex, Near Cash N Carry, Ellorapark,
Vadodra - 390 023

# :: ઓડીટર્સ રીપોર્ટ ::

પ્રતિ,

સભાસદ શ્રી તમામ,

ધી બારડોલી નાગરિક સહકારી બેંક લિ.,

ઉપલી બજાર, બારડોલી.

આપની બેંકના હિસાબી વર્ષ ૨૦૧૮-૧૯ ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે અમારી નિમણુક ગુજરાત રાજય કો-ઓ. એકટ ૧૯૬૫ ની કલમ ૮૪ તથા ૧૧૫ (આઇ) હેઠળ માન. સહકાર કમિશનર અને રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના તા. ૧૯-૦૬-૨૦૧૮ ના હુકમ ક્રમાંક અષણ/૨૪૬૦/જ-૪/૨૮૦/૨૦૧૮ના આધારે ત્રિમાસિક ઓડીટ ધોરણે કરવામાં આવેલ હતી.

નિમણુંક પત્રની શરતોને આધીન અમોએ અમારી ઓડીટ કામગીરી બેંક દ્વારા વખતોવખત પુરી પાડવામાં આવેલ માહીતીના આધારે પુર્ણ કરેલ છે. આ સંસ્થાનું પાકુ સરવૈયુ, નફા-નુકશાન પત્રક તથા હિસાબી દફતરની ચકાસણી કરી નીચે મુજબ અહેવાલ રજુ કરીએ છીએ.

આ નાણાંકીય પત્રકોની જવાબદારી બેંકના સંચાલકોની છે. અમારી જવાબદારી અમોએ કરેલા અન્વેષણની કામગીરીને આધારે નાણાંકીય પત્રકો ઉપર અભિપ્રાય આપવાની છે. અમોએ અન્વેષણની કામગીરી ભારત વર્ષમાં પ્રવર્તમાન અન્વેષણના સામાન્ય ધોરણોને ધ્યાનમાં રાખીને કરેલ છે. આ ધોરણોની જરૂરીયાત પ્રમાણે અમારે અન્વેષણનું આયોજન અને કાર્ય એ રીતે કરવાનું રહે છે કે જેથી કરીને નાણાંકીય પત્રકો કોઈ પણ જાતની અગત્યની ગેરરજુઆતોથી મુકત છે કે કેમ તે અંગેની જરૂરી ખાત્રી અમોને મળી શકે. અન્વેષણાી કામગીરીમાં હિસાબોના જરૂરી પુરાવાની આંશિક તપાસણી અને નાણાંકીય પત્રકોમાં દર્શાવવાની જરૂરી વિગતોનો અભ્યાસનો સમાવેશ આવી જાય છે. અન્વેષણની કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલ નાણાંકીય સિધ્ધાંતો અને સંચાલકો દ્વારા કરવામાં આવેલા અગત્યના અંદાજોની ચકાસણી કરવામાં આવે છે. આ ઉપરાંત નાણાંકીય પત્રકોની યોગ્ય રજુઆતની આકારણી અન્વેષણની આવરી લેવાયેલ છે. અને અમો માનીએ છે કે અમારા અન્વેષણ કામગીરી અમોને નીચે મુજબ અભિપ્રાય (અમારા શેરોને આધિન) આપવા યોગ્ય ટેકો આપે છે.

૧. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટાનિયમોને આધિન રહીને ચલાવવામાં આવે છે. અને કાયદા કાનુનની જોગવાઈઓનું સમિતિ દ્વારા પાલન થયેલ છે.

૨. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ.ના વખતોવખતનાં સરકયુલર્સ/ ઠરાવો અને માગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે.

૩. બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો / હિસાબી પધ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સુચના / સહકારી કાયદાની જોગવાઈ સંદર્ભે નિભાવવામાં આવેલ છે.

૪. બેંકનું સરવૈયુ બેંકની આર્થિક સ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. સરવૈયામાં દર્શાવેલ મુડી-દેવાં અને મિલકત-લેણાં નફા-નુકશાનની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે.

૫. બેંક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.

૬. બેંક દ્વારા આર.બી.આઈ.ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલકતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.

૭. બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમનાં કુટુંબીજનોને કરવામાં આવેલ ધિરાણ આર.બી.આઈ.ની સુચના તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ અનુસાર કરવામાં આવેલ છે. તેમ જ તમામ ધિરાણ વસુલાત આવી શકે તેમ છે.

૮. બેંકના હોદ્દેદારો કે ડીરેકટરશ્રી દ્વારા સહકારી કાયદા-કાનુન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી.

૯. બેંકના કાર્યવાહક દ્વારા વનટાઈમ સેટલમેન્ટ યોજના કે ડીપોઝીટ સેટ ઓફ યોજનાની ગાઈડ લાઈન્સનું પાલન કરવામાં આવેલ છે. (ઓડીટ સમયમાં લાગુ પડતું નથી.)

૧૦. હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માડવાળ કરવાના કિસ્સાઓમાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા દ્વારા ઈસ્યુ કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.

૧૧. કોર્ટ રાહે સમાધાન માંડવાળના કિસ્સાઓમાં સંસ્થાનું નાણાકીય હિત જોખમાયેલ નથી. (ઓડીટ સમયમાં લાગુ પડતુ નથી)

૧૨. બેંક દ્વારા અપનાવવામાં આવેલા હિસાબી ધોરણો સામાન્ય રીતે ભારતમાં સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો સાથે સુસંગત છે. પરંતુ આ હિસાબી ધોરણમાં એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ ૨૨ ''આવક પરના કર માટેનો હિસાબ'' અને એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ ૩ ''કેશ ફલો સ્ટેટમેન્ટ'' સામેલ નથી.

**સ્થળ : બારડોલી**
**તા. ૧૯–૦૬–૨૦૧૯**

સ્પે. ઓડીટર / પ્રમાણીત અન્વેષક
**માલુ ભટ્ટ એન્ડ કંપની**
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ
ફર્મ રજીસ્ટ્રેશન નં. : ૧૨૯૫૭૨W
પાર્ટનર શ્રી નીતીનકુમાર ખોડે
પેનલ નં. : ૭૨૨
મેમ્બરશીપ નં.: ૧૨૫૨૦૪
યુડીન : 19125204AAAAAL6043

## તા. ૩૧-૦૩-૨૦૧૯ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | ભંડોળ તથા દેવું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | શેર ભંડોળ ખાતે | ૧૦,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૧૦,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| | સત્તાવર શેર ૧૦,૦૦૦ પ્રત્યેક શેર રૂા. ૧૦૦/- | | |
| ૫,૩૬,૮૨,૩૦૦.૦૦ | ભરપાઈ થયેલ અને વસુલ આવેલ ૫૭૮૪૧૮ શેર પ્રત્યેક શેર રૂા. ૧૦૦/- નો | ૫,૭૮,૪૧,૮૦૦.૦૦ | ૫,૭૮,૪૧,૮૦૦.૦૦ |
| ૧૦,૨૩,૩૮,૭૩૩.૨૦ | રિઝર્વ તથા અન્ય ફંડો | | ૧૦,૮૫,૭૨,૮૨૪.૨૪ |
| ૪,૮૯,૧૮,૪૭૫.૯૬ | રિઝર્વ ફંડ | ૫,૨૩,૯૬,૧૬૭.૯૬ | |
| ૧,૩૮,૪૩,૩૮૧.૫૧ | ઈમારત ફંડ | ૧,૩૮,૫૮,૧૧૮.૫૧ | |
| ૯૯,૫૦,૦૬૮.૦૦ | ડુબત લેણા રિઝર્વ ફંડ (૬૭-એ) | ૧,૧૬,૭૭,૩૨૩.૦૦ | |
| ૩૬,૧૬,૫૪૩.૦૦ | ડિવિડન્ડ ઈકવી. ફંડ | ૩૮,૪૬,૮૪૪.૦૦ | |
| ૮,૫૮,૧૫૦.૯૫ | સભાસદ બેનીફીટ ફંડ | ૮,૬૩,૫૨૦.૯૯ | |
| ૭,૫૦,૦૦૦.૦૦ | સભાસદ વ્યાજ વળતર ફંડ | ૭,૫૦,૦૦૦.૦૦ | |
| ૫,૨૧૭.૦૦ | ઉજવણી ફંડ | ૮,૯૦૧.૦૦ | |
| ૭,૪૨,૦૬૩.૩૨ | સહકાર પ્રચાર ફંડ | ૭,૪૫,૭૪૭.૩૨ | |
| ૩,૭૪,૪૦૧.૩૨ | ધર્માદા ફંડ | ૩,૫૩,૦૮૫.૩૨ | |
| ૯૩,૩૬,૦૦૦.૦૦ | રોકાણ ઘસારા ફંડ | ૮૯,૩૬,૦૦૦.૦૦ | |
| ૮૯,૪૪,૪૩૨.૧૪ | શકમંદ લેણા ફંડ | ૮૯,૪૮,૧૧૬.૧૪ | |
| ૫૦,૦૦,૦૦૦.૦૦ | સ્ટાન્ડર્ડ એસેટ્સ એન.પી.એ. જોગવાઈ | ૫૬,૦૦,૦૦૦.૦૦ | |
| ૦.૦૦ | રોકાણ વધ-ઘટ ફંડ | ૫,૮૯,૦૦૦.૦૦ | |
| ૧૫,૬૦,૨૧,૦૩૩.૨૦ | સરવાળો | | ૧૬,૬૪,૧૪,૬૨૪.૨૪ |

## રોજનું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | મિલકત તથા લેણું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૭,૦૦,૫૦,૬૮૦.૦૭ | રોકડ સિલક | | ૧૦,૨૩,૧૦,૨૪૪.૦૮ |
| ૫૦,૧૬,૭૬૨.૦૦ | હાથ પર સિલક | ૪૭,૭૦,૮૦૨.૦૦ | |
| ૯,૧૨,૪૧૮.૫૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | ૪,૩૭,૦૬૯.૫૦ | |
| ૮૫,૩૮,૫૧૮.૦૨ | રાજ્ય સહકારી બેંક | ૧,૪૪,૫૩,૯૬૯.૩૧ | |
| ૧,૮૦,૭૩,૫૦૭.૨૫ | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક | ૯૮,૯૪,૨૧૪.૪૩ | |
| ૩,૭૫,૦૯,૪૭૪.૩૦ | રાષ્ટ્રીયકૃત બેંક | ૭,૨૭,૫૪,૧૮૮.૮૪ | |
| ૨,૩૯,૧૮,૦૪૩.૮૬ | અન્ય બેંકોમાં સિલક | | ૨,૦૨,૨૦,૧૨૩.૫૧ |
| ૨,૩૯,૧૮,૦૪૩.૮૬ | અન્ય શિડયુલ્ડ બેંકો | ૨,૦૨,૨૦,૧૨૩.૫૧ | |
| ૧૯,૮૦,૩૫,૯૯૩.૦૦ | મુદતી થાપણો | | ૨૪,૧૮,૩૫,૯૯૩.૦૦ |
| ૫,૦૪,૦૦,૦૦૦.૦૦ | રાજ્ય સહકારી બેંક | ૪,૦૦,૦૦૦.૦૦ | |
| ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૬,૩૫,૯૯૩.૦૦ | અન્ય સહકારી બેંક | ૧૪,૩૫,૯૯૩.૦૦ | |
| ૫,૬૦,૦૦,૦૦૦.૦૦ | રાષ્ટ્રીયકૃત બેંક | ૩,૦૦,૦૦,૦૦૦.૦૦ | |
| ૪,૦૦,૦૦,૦૦૦.૦૦ | શિડયુલ્ડ બેંક | ૧૬,૦૦,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૩,૧૦,૧૦૦.૦૦ | રોકાણ (શેરમાં) | | ૧૩,૧૦,૧૦૦.૦૦ |
| ૧૩,૦૦,૦૦૦.૦૦ | રાજ્ય સહકારી બેંક લિ. | ૧૩,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૦,૧૦૦.૦૦ | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. | ૧૦,૧૦૦.૦૦ | |
| ૨૯,૩૩,૧૪,૮૧૬.૯૩ | સરવાળો | | ૩૬,૫૬,૭૬,૪૬૦.૫૯ |

## તા. ૩૧-૦૩-૨૦૧૯ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | ભંડોળ તથા દેવું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૧૫,૬૦,૨૧,૦૩૩-૨૦ | પાછળનો સરવાળો | | ૧૬,૬૪,૧૪,૬૨૪.૨૪ |
| ૧,૭૩,૩૪,૪૧,૬૩૪.૭૧ | થાપણો | | ૨,૦૭,૨૦,૭૩,૦૩૯.૩૬ |
| ૧,૩૫,૮૭,૪૩,૧૭૪.૦૦ | મુદતી થાપણો | ૧,૬૫,૭૪,૮૬,૫૪૭.૦૧ | |
| ૩૪,૨૩,૧૩,૬૫૧.૭૯ | સેવિંગ્સ થાપણો | ૩૬,૮૭,૩૩,૦૦૭.૧૧ | |
| ૩,૨૩,૮૪,૮૦૮.૯૨ | ચાલુ (કરંટ) થાપણો | ૪,૫૮,૫૩,૪૮૫.૨૪ | |
| ૦.૦૦ | લોન (કરજ) | | ૦.૦૦ |
| | સુ.ડી.કો-ઓ. બેંક લિ. - ઓવરડ્રાફ્ટ | | |
| ૩,૮૭,૯૭,૩૧૨.૦૦ | ચુકવવાપાત્ર વ્યાજ | | ૫,૭૨,૩૧,૭૭૩.૦૦ |
| ૧૧,૪૭,૨૯૩.૦૦ | ઓવરડયુ વ્યાજ રીઝર્વ | | ૯,૫૧,૪૨૭.૦૦ |
| ૦.૦૦ | બિલ્સ ફોર કલેકશન | | ૦.૦૦ |
| | સામે દર્શાવ્યા પ્રમાણે | | |
| ૧,૯૨,૯૪,૦૭,૨૭૨.૯૧ | સરવાળો | | ૨,૨૯,૬૬,૭૦,૮૬૩.૬૦ |

## રોજનું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | મિલકત તથા લેણું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૨૯,૩૩,૧૪,૮૧૬.૯૩ | પાછળનો સારવાળો | | ૩૬,૫૬,૭૬,૪૬૦.૫૯ |
| ૪૬,૮૭,૨૦,૪૨૨.૦૦ | અન્ય રોકાણો | | ૫૪,૫૫,૪૫,૭૮૯.૦૦ |
| ૩૨,૪૨,૨૦,૪૨૨.૦૦ | સરકારી જામીનગીરી | ૫૦,૮૦,૪૫,૭૮૯.૦૦ | |
| ૨૫,૦૦,૦૦૦.૦૦ | અન્ય થાપણ | ૨૫,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૪,૨૦,૦૦,૦૦૦.૦૦ | અન્ય બોન્ડ અને મ્યુચ્યુઅલ ફંડ | ૩,૫૦,૦૦,૦૦૦.૦૦ | |
| | (રોકાણો પૈકી શકમંદ લોસ રૂા. ૮૯.૩૬ લાખ જેની સામે રોકાણ ઘસારા ફંડ જોગવાઈ પુરેપુરી કરેલ છે તથા સરકારી જામીનગીરીની બજાર કિંમત રૂા. ૫૨૭૨.૦૧ લાખ) (તા. ૩૧-૦૩-૨૦૧૮ની બજાર કિંમત રૂા. ૩૩૫૨.૮૫ લાખ), દર્શનીય કિંમત રૂા. ૫૧૪૮.૫૦ લાખ (તા. ૩૧-૩-૨૦૧૮ ની દર્શનીય કિંમત રૂા. ૩૨૪૮.૫૦ લાખ) | | |
| ૧,૧૬,૮૨,૫૨,૯૪૧.૪૭ | ધિરાણો | | ૧,૩૬,૭૭,૩૭,૫૩૪.૫૩ |
| ૩૦,૩૯,૦૨,૩૩૫.૮૮ | ટુંકી મુદત | ૩૭,૦૫,૬૩,૦૬૮.૪૯ | |
| ૪૫,૮૪,૩૩,૧૬૬.૩૭ | મધ્યમ મુદત | ૪૮,૯૮,૫૪,૮૩૬.૦૪ | |
| ૪૦,૫૯,૧૭,૪૩૯.૨૨ | લાંબી મુદત | ૫૦,૭૩,૧૯,૬૩૦.૦૦ | |
| | (જે પૈકી શકમંદ લેણા (એન.પી.એ.) રૂા.૧૫૨.૮૮ લાખ (તા. ૩૧-૩-૨૦૧૮ ની રૂા. ૧૭૭.૨૦ લાખ) જેની સામે શકમંદ લેણા ફંડની કરવા પાત્ર જોગવાઈ પુરેપુરી કરેલ છે.) | | |
| ૦.૦૦ | બિલ્સ ફોર રિસિવેબલ | | ૦.૦૦ |
| | સામે દર્શાવ્યા મુજબ | | |
| ૧,૧૪,૩૭,૬૮૦.૦૦ | મળવાપાત્ર વ્યાજ | | ૧,૯૪,૪૨,૬૯૮.૦૦ |
| ૮૭,૨૮,૦૦૪.૦૦ | રોકાણ ઉપરનું | ૧,૭૩,૨૨,૯૩૧.૦૦ | |
| ૨૭,૦૯,૬૭૬.૦૦ | ધિરાણ ઉપરનું | ૨૧,૧૯,૭૬૭.૦૦ | |
| | (ધિરાણ ઉપરના વ્યાજ પૈકી મુદતવીતી વ્યાજ રૂા. ૯.૫૧ લાખ (તા. ૩૧-૩-૨૦૧૮ની રૂા. ૧૧.૪૭ લાખ) જેની સામે મુદતવીતી જોગવાઈ પુરેપુરી કરેલ છે.) | | |
| ૧,૯૪,૧૭,૨૫,૮૬૦-૪૦ | સરવાળો | | ૨,૨૯,૮૪,૦૨,૪૮૨.૧૨ |

તા. ૩૧-૦૩-૨૦૧૯ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | ભંડોળ તથા દેવું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૧,૯૨,૯૪,૦૭,૨૭૨.૯૧ | પાછળનો સરવાળો | | ૨,૨૯,૬૬,૭૦,૮૬૩.૬૦ |
| ૧,૩૪,૮૮,૬૦૭.૭૫ | અન્ય જવાબદારીઓ તથા જોગવાઈઓ | | ૧,૮૭,૬૯,૮૫૦.૭૫ |
| ૬૭,૬૮,૮૧૧.૦૦ | સ્ટાફ લીવ બેનીફીટ જોગવાઈ | ૭૦,૬૬,૬૭૭.૦૦ | |
| ૭,૭૫,૫૦૭.૦૦ | અનપેઈડ ડિવિડન્ડ | ૮,૪૫,૫૧૨.૦૦ | |
| ૧૦,૩૭,૨૬૪.૭૫ | સન્ડ્રી ડીપોઝીટ (લોન તથા અન્ય પેટે) | ૯,૪૭,૦૩૭.૭૫ | |
| ૨,૦૬,૬૦૦.૦૦ | શેર અનામત અરજી | ૪,૨૪,૧૦૦.૦૦ | |
| ૫,૨૬,૦૭૫.૦૦ | અગાઉથી મળેલ લોકર ભાડા | ૩,૭૨,૩૨૫.૦૦ | |
| ૨૦,૪૨૦.૦૦ | નોમીનલ સભાસદ ફી | ૧૭,૪૮૦.૦૦ | |
| ૫,૯૫,૫૦૩.૦૦ | ચુકવવાના બાકી ખર્ચા | ૬,૮૧,૦૪૦.૦૦ | |
| ૧,૩૪,૩૦૦.૦૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ / પ્રોફેશનલ ટેક્ષ | ૧,૨૯,૧૩૮.૦૦ | |
| ૪,૫૦,૦૦૦.૦૦ | આવકવેરા જોગવાઈ | ૬૦,૭૦,૦૦૦.૦૦ | |
| ૧૬,૦૯,૮૫૧.૦૦ | ટી.ડી.એસ. | ૧૯,૯૦,૫૨૫.૦૦ | |
| ૧૩,૬૪,૨૭૬.૦૦ | બેંકર્સ ચેક એકાઉન્ટ | ૨,૨૬,૦૧૬.૦૦ | |
| ૧,૧૫,૧૫,૦૩૩.૦૪ | નફા-નુકશાન ખાતુ | | ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ |
| ૧,૦૪,૩૧,૫૮૧.૦૧ | બાકી આગળ લાવ્યા | ૧,૧૫,૧૫,૦૩૩.૦૪ | |
| ૧,૦૪,૩૧,૫૮૧.૦૧ | બાદ - ફાળવણી | ૧,૧૫,૧૫,૦૩૩.૦૪ | |
| ૧,૧૫,૧૫,૦૩૩.૦૪ | ઉમેરો - ચાલુ વર્ષનો નફો | ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ | |
| ૧,૯૫,૪૪,૧૦,૯૧૩.૭૦ | સરવાળો | | ૨,૩૨,૫૯,૩૯,૫૪૪.૩૧ |

પાછલા વર્ષના આંકાડાઓ જરૂર જણાય ત્યાં પુનઃ વર્ગીકૃત કરેલ છે. તથા અમારા આ જ તારીખના રીપોર્ટ તથા ઓડિટ નોંધને આધિન તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

માલુ ભટ્ટ એન્ડ કંપની, વડોદરા
પાર્ટનર શ્રી નીતીનકુમાર ખોડે
ચાર્ટડ એકાઉન્ટન્ટસ પેનલ નં. : ૭૨૨
મેમ્બરશીપ નં. : ૧૨૫૨૦૪ વડોદરા - ૩૯૦ ૦૨૩
ફર્મ રજીસ્ટર્ડ નં. : ૧૨૯૫૭૨W

**તારીખ : ૧૯-૦૬-૨૦૧૯**

**બારડોલી**

## રોજનું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | મિલકત તથા લેણું | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૧,૯૪,૧૭,૨૫,૮૬૦.૪૦ | પાછળનો સારવાળો | | ૨,૨૯,૮૪,૦૨,૪૮૨.૧૨ |
| ૩૮,૧૮,૮૨૬.૮૫ | ઈમારત | | ૭૧,૫૭,૯૩૩.૮૫ |
| ૬૯,૨૫,૧૮૬.૮૫ | મુળ કિંમત | ૧,૦૮,૪૨,૦૧૮.૮૫ | |
| ૩૧,૦૬,૩૬૦.૦૦ | બાદ : એકત્રિત ઘસારો | ૩૬,૮૪,૦૮૫.૦૦ | |
| ૩૬,૨૪,૭૭૪.૫૫ | રાચરચીલુ જડતર, વાહનો તથા અન્ય મિલકતો | | ૮૭,૪૦,૨૭૯.૫૭ |
| ૧,૩૫,૮૭,૬૪૬.૨૮ | મુળ કિંમત | ૧,૯૭,૮૦,૧૧૭.૩૦ | |
| ૯૯,૬૨,૮૭૧.૭૩ | બાદ : એકત્રિત ઘસારો | ૧,૧૦,૩૯,૮૩૭.૭૩ | |
| ૫૨,૪૧,૪૫૧.૯૦ | અન્ય મિલકાતો | | ૧,૧૬,૩૮,૮૪૮.૭૭ |
| ૩૨,૩૦૦.૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૫૨,૫૦૦.૦૦ | |
| ૪૨,૪૨,૪૮૫.૦૦ | ડીપોઝીટ અને એડવાન્સ | ૧,૧૨,૬૯,૫૯૪.૭૭ | |
| ૨,૬૫,૬૯૨.૪૦ | અન્ય પરચુરણ રકમો | ૩૯,૪૫૦.૦૦ | |
| ૬,૮૮,૬૩૧.૦૦ | સ્ટેમ્પ (ફ્રેન્કીંગ મશીન બેલેન્સ) | ૨,૭૩,૦૯૨.૦૦ | |
| ૧૨,૩૪૩.૫૦ | ડોરમેન્ટ એકાઉન્ટ કલેઈમ (DEAF-RBI) | ૪,૨૧૨.૦૦ | |
| ૧,૯૫,૪૪,૧૦,૯૧૩.૭૦ | સરવાળો | | ૨,૩૨,૫૯,૩૯,૫૪૪.૩૧ |

**શ્રી આદીલ એસ. ગાંધી**
**ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર**

| શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ | શ્રી હીરાચંદ જી. શાહ | ડો. ચેતનભાઈ સી. પટેલ |
|---|---|---|
| ચેરમેનશ્રી | વાઈસ ચેરમેનશ્રી | એમ.ડીશ્રી |

## તા. ૩૧-૦૩-૨૦૧૯ ના રોજ

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | ખર્ચ | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૯,૬૮,૬૪,૭૧૭.૦૦ | થાપણો તથા કરજો પરનું વ્યાજ | | ૧૨,૯૬,૦૩,૬૧૨.૦૦ |
| ૧,૮૭,૫૫,૮૧૩.૦૦ | પગાર ભથ્થાંઓ તથા પ્રો. ફંડ ફાળો | | ૨,૦૮,૧૬,૨૨૯.૦૦ |
| ૦.૦૦ | માનદ્ વેતન ખર્ચ તથા ડીરેકટર ભાડા ભથ્થા | | ૦.૦૦ |
| ૩૩,૯૭,૯૬૦.૧૨ | ભાડું, કર, વીજળી તથા વીમો | | ૩૮,૬૯,૪૭૪.૯૫ |
| ૨,૭૫,૯૭૩.૦૦ | કાનૂની ખર્ચ | | ૨,૭૬,૮૯૬.૦૦ |
| ૨,૧૯,૯૭૭.૯૮ | ટપાલ-ટેલિફોન | | ૧,૫૪,૩૨૭.૦૪ |
| ૧,૧૪,૦૦૦.૦૦ | ઓડિટ ફી | | ૧,૮૪,૦૦૦.૦૦ |
| ૧૯,૨૨,૫૮૪.૩૦ | મિલકત ઘસારા અને મરામત ખર્ચ | | ૨૦,૫૯,૦૫૧.૪૮ |
| ૧૬,૮૦,૪૪૯.૦૦ | ઘસારા ખર્ચ | ૧૮,૩૭,૪૧૫.૦૦ | |
| ૨,૪૨,૧૩૫.૩૦ | મરામત ખર્ચ | ૨,૨૧,૬૩૬.૪૮ | |
| ૬,૩૦,૭૩૩.૧૯ | સ્ટેશનરી - જાહેરાત - છાપકામ ખર્ચ | | ૬,૩૧,૬૫૧.૦૦ |
| ૩૬,૧૪,૮૪૨.૦૦ | દૈનિક ડીપોઝીટ કલેકશન ચાર્જીસ | | ૩૮,૬૭,૦૨૬.૦૦ |
| ૩૩,૨૯,૫૨૩.૩૦ | અન્ય ખર્ચ | | ૩૯,૪૮,૭૯૪.૩૭ |
| ૮૧,૯૫,૯૩૯.૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ | | ૬૦,૭૧,૧૮૫.૦૦ |
| ૩૫,૦૦,૦૦૦.૦૦ | જોગવાઈ | | ૬,૦૦,૦૦૦.૦૦ |
| ૧૦,૦૦,૦૦૦.૦૦ | સ્ટાન્ડર્ડ એસેટ ફંડ | ૬,૦૦,૦૦૦.૦૦ | |
| ૨૩,૦૦,૦૦૦.૦૦ | બીલ્ડીંગ ફંડ | ૦.૦૦ | |
| ૨,૦૦,૦૦૦.૦૦ | રોકાણ ઘસારા ફંડ | ૦.૦૦ | |
| ૧,૧૫,૧૫,૦૩૩.૦૪ | ચોખ્ખો નફો સરવૈયામાં લઈ ગયા | | ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ |
| ૧૫,૨૩,૩૭,૦૯૫.૯૩ | સરવાળો | | ૧૮,૨૫,૮૧,૦૭૬.૮૦ |

પાછલા વર્ષના આંકડાઓ જરૂર જણાય ત્યાં પુનઃ વર્ગીકૃત કરેલ છે. તથા અમારા આ જ તારીખના રીપોર્ટ પ્રમાણે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

**માલુ ભટ્ટ એન્ડ કંપની**
**પાર્ટનર શ્રી નીતીનકુમાર ખોડે**
**ચાર્ટડ એકાઉન્ટન્ટસ**
**પેનલ નં. : ૭૨૨, મેમ્બરશીપ નં. : ૧૨૫૨૦૪**
**વડોદરા - ૩૯૦૦૨૩**

**તારીખ : ૧૯-૦૬-૨૦૧૯**

**બારડોલી**

# પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| તા. ૩૧-૦૩-૨૦૧૮ | આવક | | તા. ૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|---|
| ૧૫,૦૭,૬૧,૫૫૦.૮૧ | વ્યાજ તથા વળતર | | ૧૭,૯૬,૦૬,૩૪૫.૨૬ |
| ૧૦,૪૨,૫૪,૬૯૬.૦૦ | ધિરાણ ઉપરનું | ૧૧,૯૦,૬૧,૮૨૯.૦૦ | |
| ૪,૬૫,૦૬,૮૫૪.૮૧ | રોકાણ ઉપરનું | ૬,૦૫,૪૪,૫૧૬.૨૬ | |
| ૫,૬૨,૦૬૬.૪૩ | કમિશન આવક | ૬,૧૯,૮૬૫.૫૫ | ૬,૧૯,૮૬૫.૫૫ |
| ૧,૯૬,૫૧૫.૦૦ | ડિવીડન્ડ આવક | ૧,૯૬,૫૧૫.૦૦ | ૧,૯૬,૫૧૫.૦૦ |
| ૮,૧૬,૯૬૩.૬૯ | અન્ય આવક | | ૧૯,૬૦,૮૫૦.૯૯ |
| ૨,૭૯,૫૫૦.૦૦ | લોકર ભાડા આવક | ૨,૬૮,૨૮૦.૦૦ | |
| ૧૩,૧૯૦.૦૦ | નોટીસ ફી | ૧,૯૦,૯૦૫.૦૦ | |
| ૫,૨૨,૪૮૩.૬૯ | પરચુરણ આવક | ૧૪,૯૯,૫૨૫.૯૯ | |
| ૧,૭૪૦.૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૨,૧૪૦.૦૦ | |
| ૦.૦૦ | સિક્યોરીટી વેચાણ આવક | ૧,૯૭,૫૦૦.૦૦ | ૧,૯૭,૫૦૦.૦૦ |
| ૧૫,૨૩,૩૭,૦૯૫.૯૩ | સરવાળો | | ૧૮,૨૫,૮૧,૦૭૬.૮૦ |

**શ્રી આદીલ એસ. ગાંધી**
**ચીફ એકઝીકયુટીવ ઓફીસર**

| શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ | શ્રી હીરાચંદ જી. શાહ | ડો. ચેતનભાઈ સી. પટેલ |
|---|---|---|
| ચેરમેનશ્રી | વાઈસ ચેરમેનશ્રી | એમ.ડીશ્રી |

# તા. ૩૧-૦૩-૨૦૧૯ નાં નફાની વહેંચણી

| રૂા. પૈ. | જમા | રૂા. પૈ. | ઉધાર | |
|---|---|---|---|---|
| ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ | ચોખ્ખો નફો | ૨૬,૨૪,૭૦૭.૦૦ | રિઝર્વ ફંડ | ૨૫ ટકા |
| | | ૧૫,૭૪,૮૨૪.૦૦ | ડુબત લેણા રીઝર્વ ફંડ (કલમ ૬૭-એ મુજબ) | ૧૫ ટકા |
| | | ૫૭,૮૪,૧૮૦.૦૦ | શેર ડિવિડન્ડ<br>(નફાની ફાળવણી માંથી ૧૦ ટકા મુજબ રૂા. ૫૭,૮૪,૧૮૦/- તથા ડિવિડન્ડ ઈકવી. ફંડ માંથી ૨ ટકા મુજબ રૂા. ૧૧,૫૬,૮૩૬.૦૦) | ૧૨ ટકા |
| | | ૨,૦૦,૦૦૦.૦૦ | શિક્ષણ ફંડ | ૨ ટકા |
| | | ૨,૦૯,૯૭૭.૦૦ | ડિવિડન્ડ ઈકવી. ફંડ | ૨ ટકા |
| | | ૧,૦૩,૯૩,૬૮૮.૦૦ | | |
| | | ૧,૦૫,૧૪૧.૯૬ | ૫૩(૨)(અ) મુજબ બાકી રહેતો નફો | |
| | | ૧૦,૫૧૪.૦૦ | ધર્માદા ફંડ | ૧૦ ટકા |
| | | ૧૦,૫૧૪.૦૦ | ઉજવણી ફંડ | ૧૦ ટકા |
| | | ૧૦,૫૧૪.૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૧૦ ટકા |
| | | ૪૨,૦૫૭.૦૦ | બિલ્ડીંગ ફંડ | ૪૦ ડકા |
| | | ૧૦,૫૧૪.૦૦ | શકમંદ લેણા ફંડ | ૧૦ ટકા |
| | | ૨૧,૦૨૮.૯૬ | સભાસદ બેનીફીટ ફંડ | ૨૦ ટકા |
| ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ | | ૧,૦૪,૯૮,૮૨૯.૯૬ | | |

**શ્રી આદીલ એસ. ગાંધી**
**ચીફ એકઝીકયુટીવ ઓફીસર**

| | | |
|---|---|---|
| **શ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ** | **શ્રી હીરાચંદ જી. શાહ** | **ડો. ચેતનભાઈ સી. પટેલ** |
| **ચેરમેનશ્રી** | **વાઈસ ચેરમેનશ્રી** | **એમ.ડીશ્રી** |

01.04.2018 to 31.03.2019

**Notes on Accounts forming parts of Financial Statements**

## 1.GENERAL :

a. The accompanying financial statements have been prepared by following the going concern concept on the historical cost convention and in accordance with the generally accepted accounting principles & practices, Prevalling within the banking industry in India and the statutory provisions of Banking Regulation Act. 1949 (AACS) & Gujarat State Co-op. Societies Act. 1961.

b. Revenue and expenses are being accounted for on accrual basis more detail especially described at point No. 7(a)(b) here in below.

## 2. RESERVES:

Reserve funds are created from appropriation of profits as per norms prescribed under Gujarat State Co-op. Act. 1961 and as per bank by-laws.

## 3. DEPOSITS:

a. Deposits are bifurcated into Term, Savings & Current Deposits as per RBI norms.

b. Interest payable on Cumulative deposits are included in the value of Term Deposits shown in the Balance Sheet. Interest payable on other deposits is shown as Liabilities under the head "Interest Payable".

## 4. INVESTMENTS:

a. Depreciation on Investments are provided as per RBI guidelines and is debited to Profit & Loss A/c under head "Investment Depreciation Exp."

## 5. ADVANCES :

a. Advances to the members are properly classified into performing and non-performing assets. An appropriate provision for non-performing assets are made as per RBI guidelines.

## 6. FIXED ASSETS :

a. Fixed assets are shown at historical cost less depreciation provided thereon WDV method.

## 7. REVENUE RECOGNITION :

a. Income : Interest & Other income are recognized on accrual basis except following which are recognized on realization basis.

- In view of uncertainty of collection of income in cases of non performing advance and investments such income is accounted for only on realization.
- Dividend Income from Co. Op. Bank.

b. Expenditure : Revenue expenditure is accounted properly in accordance with normally accepted accounting principles and on going concern basis.

- Insurance premium of Deposits is paid regularly by the bank as per guidelines of DICGC.
- Income-tax and Advance Income Tax on current year's income are paid / provided as per Income-Tax Act, 1961 and is debited to the Profit & Loss Account.

## 8. CASH & BANK BALANCE :

Cash balance as on 31/03/2019 of Head-Office and branches are consider only as certified by the head of the Branches of the bank. Bank balances are considered as per Bank statements and Reconciliation statements provided before us.

## 9. Disclosure of norms as per RBI Circular No. UBD CO BPD(PCB) Cir, No. 52/12.05.001/2013-14, Dated 25th March 2014 :

1. Capital to Risk Weight Ratio (CRAR) : **10.11%**
2. Movement in CRAR :

| As on 31/03/2018 | Increase / Decrease | As on 31/03/2019 |
|---|---|---|
| 10.17 | (-) 0.06 | 10.11 |

3. Investment : (Rs. In Lakh)

a) SLR Investment :

| Sr. | Classification | Face Value | Book Value | Market Value |
|---|---|---|---|---|
| 1 | Held to Maturity (HTM) | 4848.50 | 4780.88 | 4968.45 |
| 2 | Available for Sale (AFS) | 300.00 | 299.58 | 303.56 |
| 3 | Held for Trading (HFT) | 0.00 | 0.00 | 0.00 |
| | | 5148.50 | 5080.46 | 5272.01 |

b) Non - SLR Investment :

| No. | Issuer | Amount | Extent of below investment grade securities | Extent of unrated Securities | Extent of unlisted Securities |
|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) |
| 1 | PSUs | 50.00 | 50.00 | - | - |
| 2 | FIE | 0.00 | - | - | - |
| 3 | Public Sector Bank (Bond) | 0.00 | - | - | - |
| 4 | Mutual Funds | 300.00 | - | - | - |
| 5 | Others | 52.46 | 39.36 | - | - |
| | Total (1 to 5)... | 402.46 | 89.36 | - | - |
| 6 | Provision Held towards Depreciation | 89.36 | - | - | - |

c) Non - performing Non SLR Investment :

| Particulars | Amount |
|---|---|
| Opening Balance | 91.36 |
| Additions during year since 1st April | - |
| Reduction during the above period | 2.00 |
| Closing Balance | 89.36 |
| Total Provisions held | 89.36 |

4. Advance against Real Estate, Construction Business, Housing (Rs. In Lakh)

- To Purchase and construct by Indi. New Resi, House : Rs. 2112.32
- To Real Estate Project : Rs. 510.64
- To Commercial Real Estate Project : Rs. 238.34

5. Advance against shares and debenture :- NIL

6. Advance to Directors, their relatives, companies / firms in which they are interested :

a) Fund base : - Sanction Rs. 25.00 Lakh and Outstanding Rs. 11.16 Lakh

b) Non-Fund based :- NIL

Note : The above facility of Rs. 25.00 Lakh for Vehicle Loan Was disbursed to a relative of director before she appointed as director, outstanding loan as on 31/03/2019 in Rs. 11.16 lakh and interest recovered during the year 2018-19 against is Rs. 1.29 lacs.

7. NPAs :

| Sr. | Particulars | Amount | % |
|---|---|---|---|
| 1 | Gross NPAs | 152.88 | 1.12 |
| 2 | Net NPAs | 0.00 | 0.00 |

8. Movements of NPAs : (Rs. In Lakh)

| Particulars | As on 01-04-2018 | Increase | Decrease | As on 31-03-2019 |
|---|---|---|---|---|
| Gross NPA | 177.20 | 91.00 | 115.32 | 152.88 |
| Net NPA | 0.00 | - | - | 0.00 |

9. Profitability

a) Interest income as a percentage of working funds : 7.75 %

b) Non interest income as a percentage of working funds : 0.13%

c) Operating profit as percentage of working funds : 0.74%

d) Return on Assets : 0.45 %

e) Business (Deposits + Advances) per employee : Rs 882.00

f) Profit per employee : Rs. 2.69

10. Provisions made towards NPAs, Depreciation in investments, Standard Assets

a) Bad & Doubtful Reserve (NPAs) : Rs. 206.25 lakh

b) Investment Depreciation Fund : Rs. 89.36 lakh

c) Standard Assets : Rs. 56.00 lakh

11. **Movements of Provisions :**

| Particulars | As on 01/04/2018 | Increase | Decrease | As on 31/03/2019 |
|---|---|---|---|---|
| NPA | 188.94 | 17.31 | 0.00 | 206.25 |
| Investment Depreciation | 93.96 | 0.00 | 4.00 | 89.36 |
| Standard Assets | 50.00 | 6.00 | 0.00 | 56.00 |

12. **Foreign currency assets & Liabilities: Not Applicable**
13. **Payment of DICGC Insurance Premium :** **(Rs. In Lakh)**

| Particulars | Premium for 31-03-2019 | Premium for 30-09-2019 |
|---|---|---|
| Base Amount | 20080.09 | 21427.03 |
| Premium Amount | 11.85 | 12.64 |
| Premium Paid on | 19/10/2018 | 18/04/2019 |

14. **Penalty imposed by R.B.I. : NIL**
15. **Restructured Account : No account restructure during the year.**
16. **Fixed Asset - Valuation / Revaluation : No fixed asset revalued during the year.**
17. **Details of DEAF Scheme 2014 :** **(Rs. In Lakh)**

| Sr. | Particulars | 31/03/2018 | | 31/03/2019 | |
|---|---|---|---|---|---|
| | | No . of Account | Amount | No . of Account | Amount |
| 1 | Opening balance of amounts transferred to DEAF | 723 | 14.12 | 1195 | 22.79 |
| 2 | Add : Amount transferred to DEAF during the year | 474 | 8.82 | 25 | 0.66 |
| 3 | Less : Amounts reimbursed by DEAF towards claims | 2 | 0.15 | 20 | 1.06 |
| 4 | Closing balance of amounts transferred to DEAF | 1195 | 22.79 | 1200 | 22.39 |

**Note : As on 31-03-2019 claim of DEAF pending with is Reserve Bank of India Rs. 4,212.00**

Dt. : 19-06-2019

Place : Bardoli

For, Maloo Bhatt & Co. Vadodra

Partner Shri Nitinkumar Khode

Chartered Accountants

Panel No. 722,

Membership No. 125204

Firm Registration No. 129572W

# ગ્રાહક / સભાસદ જોગ

આથી સર્વે ગ્રાહકો/સભાસદોને જણાવવામાં આવે છે કે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સુચન મુજબ બેંકના તમામ સેવિંગ્સ/કરન્ટ/બાંધી મુદત-ડીપોઝીટ ખાતેદારો, લોકર ધારકો તથા સભાસદાએ ''તમારા ગ્રાહકને ઓળખો'' (Know Your Customer - KYC) ના નિર્દેશોનું પાલન કરવું આવશ્યક છે.

આ સંદર્ભમાં જે ખાતેદારો/લોકર ધારકોએ ઉપર મુજબ KYC ની જરૂરીયાત મુજબ પેપર્સ હજી સુધી બેન્કમાં રજુ કર્યા નથી. તેઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં જે - તે શાખાનો સંપર્ક કરી KYC માટે જરૂરી પુરાવાઓ જેવાં કે (૧) તાજેતરમાં પડાવેલા બે ફોટા (૨) PAN કાર્ડની ઝેરોક્ષ (૩) આધાર કાર્ડની ઝેરોક્ષ (૪) સરનામાંના પુરાવા માટે - ઈલેકશન (મતદાર) કાર્ડની નકલ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટની નકલ વિ. (૫) કરન્ટ ખાતામાં ભાગીદાર/પ્રોપરાયટરની ઉપરની વિગત વધારામાં ધંધાના પુરાવો જેમ કે નોંધણીના દાખલાની નકલ વિ.

ઉપર જણાવ્યા મુજબ તાત્કાલિક બેંકમાં પુરાવાઓ ખાતા નંબરની વિગત સાથે પહોંચતા કરવા અને જો આ નિર્દેશોનું પાલન કરવામાં ન આવશે તો ગ્રાહકોના ખાતા આ પછી કોઈ પણ નોટીસ આપ્યા વગર ગ્રાહકોના જોખમે અને જવાબદારીએ સ્થગિત કરવામાં આવશે જેની અત્રે આખરી તાકીદ કરવામાં આવે છે.

વધુમાં લોકર ધારકોએ લોકરની ચાવી ઉપર બેંકનું નામ / શાખા કોડ ''એમ્બોસ'' કરાવવા માટે તુરત જ બેંકનો સંપર્ક સાધવા માટે જણાવવામાં આવે છે.

રીઝર્વ બેંકની સુચના મુજબ વ્યકિતગત ડીપોઝીટ ખાતાઓમાં નોમીનેશન કરાવવું હિતાવહ છે જે માટે બેંકનો સંપર્ક સાધવા વિનંતી.

**ઉપલી બજાર, બારડોલી.**

**ચીફ એકઝીકયુટીવ ઓફીસર**

# સભાસદ જોગ નિવેદન

- સભાસદોના વારસદારની નિમર્ણૂક આવશ્યક હોઈ, સભાસદોએ બેંકમાં આવી વારસદારની નિમણૂક કરવા ઘટતું કરવું.
- શેર ખરીદતી વખતે વારસદારની નિમણૂક કરાવવી આવશ્યક છે.
- શેરનું ડિવિડન્ડ સેવિંસ ખાતામાં જમાં કરવાનું હોઈ સેવિંગ્સ ખાતાની નોંધ અવશ્ય કરાવવી.
- જે સભાસદનું અકસ્માતથી મૃત્યુ થાય તો તાત્કાલિક બેંકમાં લેખિત જાણ કરવી જેથી વિમા કલેઈમ ચૂકવવામાં સરળતા રહે.
- બેંકના તમામ વ્યવહારમાં ઓળખ કાર્ડ અવશ્ય લાવવો.
- બેંકની સ્ટેશન રોડ શાખામાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ કરવાની તથા દ.ગુ.વિ. કંપનીના લાઈટ બીલ લેવાની વ્યવસ્થા રાખેલ છે. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
- બેંકની 'નાગરિક લખપતિ' યોજનામાં જોડાઈ લખપતિ બનવા બેંકના અધિકારીશ્રીઓનો સંપર્ક કરવા વિનંતી.
- બેંકમાં ખાતા ખોલવા તથા લોનની માહિતી માટે બેંકના અધિકારીઓનો સંપર્ક કરવા વિનંતી.
- લોન ધિરાણ લેવા માંગતાં સભાસદો / ગ્રાહકોએ તેમની ધિરાણ અરજી બોર્ડની મિટીંગની તારીખના એક અઠવાડિયા પહેલા જેતે શાખામાં આપવાની રહેશે.
- સભાસદોનાં સરનામા તથા ફોન નંબરમાં ફેરફાર થયો હોય તો બેંકમાં આવી નોંધ કરાવી જવા ઘટતું કરવું.
- જે સભાસદોનું અવસાન થયું હોય તો એમના શેર બેંકમાં આવી ટ્રાન્સફર કરાવી જવા ઘટતી કાર્યવાહી કરવી.
- **બેંક દ્વારા સમયાંતરે જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક/કલ્ચરલ પ્રોગ્રામોનું આયોજન કરવાનું વિચારેલ છે. જેમાં બેંકના સભાસદોને મેમ્બરશીપ આપવાનું વિચારણા હેઠળ છે. તો જે સભાસદો સાંસ્કૃતિક કાર્યક્રમમાં મેમ્બરશીપ લેવા માંગતા હોય તો તેમના નામો હેડઓફિસમાં તા. ૩૧-૧૨-૨૦૧૯ સુધી નોંધવામાં આવશે.**

બોર્ડના આદેશથી.....

## પરિશિષ્ટ : ક

# : પ્રગતિ રિપોર્ટ :

| વર્ષ | ભરપાઈ થયેલું શેર ભંડોળ | સભાસદ સંખ્યા | અનામત તથા બીજાફંડો | અન્ય ડિપોઝીટ | | | | અન્ય ડિપોઝીટ | કુલ ધિરાણ | નફો + / ખોટ | કામકાજનું ભંડોળ | ઓડિટ વર્ગ | ડિવિડન્ડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સેવિંગ્સ | કંરટ | કાયમી થાપણ | રીકરીંગ | | | | | | |
| ૧૯૯૭–૯૮ | ૫૯.૭૬ | ૭૭૬૯ | ૧૭૫.૫૬ | ૧૮૩.૫૯ | ૨૫.૯૬ | ૨૯૮.૯૭ | ૪.૨૪ | ૧૭૭૭.૫૩ | ૧૦૨૪.૮૧ | +૩૮.૯૨ | ૨૬૪૩.૦૭ | અ | ૧૫% |
| ૧૯૯૮–૯૯ | ૬૯.૮૦ | ૮૦૬૮ | ૨૧૯.૧૦ | ૨૨૪.૦૦ | ૩૭.૭૬ | ૩૨૪.૬૯ | ૫.૭૯ | ૨૧૯૨.૪૭ | ૧૩૪૫.૩૪ | +૪૭.૪૯ | ૩૪૭૬.૭૭ | અ | ૧૫% |
| ૧૯૯૯–૨૦૦૦ | ૮૯.૭૬ | ૮૪૨૯ | ૨૭૬.૧૪ | ૨૭૦.૧૪ | ૩૫.૬૨ | ૩૪૧.૪૧ | ૯.૬૨ | ૨૯૩૨.૯૩ | ૧૫૭૭.૦૦ | +૫૩.૪૦ | ૪૩૨૫.૫૮ | અ | ૧૫% |
| ૨૦૦૦–૨૦૦૧ | ૯૨.૯૦ | ૭૯૪૬ | ૩૩૫.૦૦ | ૩૧૨.૬૧ | ૪૦.૨૮ | ૪૨૭.૧૩ | ૧૧.૨૧ | ૩૨૭૩.૧૧ | ૧૭૩૧.૨૮ | +૫૯.૦૬ | ૫૦૩૦.૦૦ | અ | ૧૫% |
| ૨૦૦૧–૨૦૦૨ | ૯૯.૬૫ | ૮૦૫૪ | ૩૫૮.૦૦ | ૩૭૯.૩૮ | ૪૭.૦૫ | ૪૪૨.૨૯ | ૧૨.૦૨ | ૩૨૧૩.૮૫ | ૧૬૫૮.૪૩ | +૬૨.૨૩ | ૫૩૪૮.૦૦ | અ | ૧૫% |
| ૨૦૦૨–૨૦૦૩ | ૧૦૩.૦૨ | ૮૧૨૭ | ૪૧૯.૯૪ | ૩૭૭.૫૭ | ૬૧.૮૨ | ૫૧૨.૨૪ | ૧૧.૨૨ | ૨૯૪૮.૦૪ | ૧૪૦૫.૦૮ | +૩૫.૦૪ | ૫૧૭૮.૦૨ | અ | – |
| ૨૦૦૩–૨૦૦૪ | ૧૦૮.૫૬ | ૮૨૩૧ | ૪૦૫.૨૫ | ૪૦૮.૧૪ | ૧૦૩.૩૫ | ૭૮૨.૦૦ | ૯.૯૪ | ૧૯૪૭.૧૬ | ૧૬૪૧.૫૨ | +૪૦.૧૩ | ૪૧૨૧.૦૦ | બ | – |
| ૨૦૦૪–૨૦૦૫ | ૧૧૩.૦૩ | ૮૩૪૧ | ૪૧૩.૫૨ | ૪૫૧.૬૫ | ૬૮.૨૧ | ૭૫૩.૧૪ | ૮.૬૮ | ૧૮૯૦.૨૫ | ૧૬૨૪.૮૪ | +૪૩.૧૦ | ૪૩૬૮.૮૫ | અ | ૧૨% |
| ૨૦૦૫–૨૦૦૬ | ૧૨૧.૦૦ | ૮૪૯૭ | ૪૪૩.૩૬ | ૫૦૮.૮૫ | ૬૪.૧૪ | ૯૮૩.૯૫ | ૭.૧૪ | ૧૬૭૭.૫૪ | ૧૪૨૧.૦૨ | +૪૫.૦૫ | ૪૦૦૯.૯૩ | અ | ૧૨% |
| ૨૦૦૬–૨૦૦૭ | ૧૩૦.૯૭ | ૮૭૦૭ | ૪૪૦.૭૫ | ૭૦૦.૮૧ | ૭૨.૩૫ | ૧૪૧૯.૫૯ | ૪.૬૫ | ૧૪૧૫.૪૯ | ૧૮૧૭.૦૦ | +૩૧.૭૮ | ૪૪૩૪.૮૬ | અ | ૧૨% |
| ૨૦૦૭–૨૦૦૮ | ૧૪૪.૧૮ | ૮૯૬૩ | ૪૬૨.૧૦ | ૬૨૮.૬૮ | ૭૬.૧૬ | ૨૪૩૧.૬૮ | ૬.૬૦ | ૯૮૮.૨૪ | ૨૫૪૯.૩૮ | +૪૧.૮૯ | ૫૦૭૮.૪૫ | અ | ૧૨% |
| ૨૦૦૮–૨૦૦૯ | ૧૫૯.૮૩ | ૯૩૫૩ | ૪૯૩.૭૯ | ૭૫૦.૫૫ | ૬૯.૨૦ | ૩૨૨૫.૮૨ | ૬.૦૯ | ૭૨૨.૬૩ | ૩૨૬૬.૨૨ | +૪૫.૪૪ | ૫૮૪૭.૬૪ | અ | ૧૨% |
| ૨૦૦૯–૨૦૧૦ | ૧૭૮.૭૯ | ૯૮૧૩ | ૫૧૯.૯૬ | ૯૭૦.૫૫ | ૧૨૫.૦૫ | ૪૪૪૪.૯૪ | ૭.૦૨ | ૭૯૪.૬૪ | ૪૦૪૦.૫૩ | +૫૦.૩૫ | ૭૫૩૩.૪૦ | અ | ૧૨% |
| ૨૦૧૦–૨૦૧૧ | ૨૨૨.૫૫ | ૧૦૪૭૬ | ૫૬૬.૯૪ | ૧૩૧૬.૧૬ | ૭૫.૪૧ | ૫૧૬૨.૮૮ | ૧૧.૬૩ | ૮૭૭.૮૫ | ૪૬૯૧.૩૧ | +૫૫.૪૧ | ૮૭૮૭.૧૪ | અ | ૧૨% |
| ૨૦૧૧–૨૦૧૨ | ૨૬૯.૮૩ | ૧૦૯૭૭ | ૬૧૩.૭૫ | ૧૪૭૪.૫૪ | ૧૦૩.૨૪ | ૫૪૧૫.૦૧ | ૯.૭૨ | ૧૪૬૫.૦૦ | ૫૩૬૧.૯૧ | +૬૫.૨૪ | ૯૮૬૨.૭૮ | અ | ૧૨% |
| ૨૦૧૨–૨૦૧૩ | ૩૦૫.૦૧ | ૧૧૪૩૨ | ૬૮૪.૩૮ | ૧૬૩૨.૪૧ | ૧૫૫.૯૩ | ૭૧૭૨.૦૫ | ૧૩.૮૯ | ૧૧૬૪.૬૦ | ૬૧૮૯.૫૬ | +૬૮.૨૮ | ૧૧૮૦૬.૭૮ | અ | ૧૨% |
| ૨૦૧૩–૨૦૧૪ | ૩૪૧.૨૯ | ૧૧૯૧૯ | ૭૨૬.૨૭ | ૨૦૧૩.૪૧ | ૧૯૧.૧૫ | ૮૨૬૨.૮૦ | ૧૭.૬૯ | ૨૫૧.૪૩ | ૬૬૮૪.૦૦ | +૭૪.૨૫ | ૧૨૫૧૯.૫૬ | અ | ૧૨% |
| ૨૦૧૪–૨૦૧૫ | ૩૯૨.૩૫ | ૧૨૪૮૮ | ૭૬૮.૬૮ | ૨૦૨૯.૧૪ | ૩૭૬.૧૪ | ૮૪૩૨.૧૯ | ૧૮.૪૬ | ૯૫૭.૨૨ | ૭૮૪૪.૦૬ | +૬૯.૦૮ | ૧૩૭૨૩.૪૩ | અ | ૧૨% |
| ૨૦૧૫–૨૦૧૬ | ૪૩૬.૭૦ | ૧૩૧૮૯ | ૮૮૨.૧૬ | ૨૩૮૯.૬૯ | ૩૩૪.૩૮ | ૯૭૮૫.૧૨ | ૨૭.૨૦ | ૧૦૩૩.૪૭ | ૮૪૦૫.૮૮ | +૧૦૩.૯૫ | ૧૪૪૨૧.૮૫ | અ | ૧૨% |
| ૨૦૧૬–૨૦૧૭ | ૫૮૪.૫૧ | ૧૩૮૧૩ | ૯૩૯.૩૭ | ૩૫૨૮.૦૩ | ૨૦૩.૩૬ | ૯૯૩૫.૮૪ | ૩૦.૧૩ | ૧૦૬૪.૩૮ | ૮૯૧૯.૧૬ | +૧૦૪.૩૨ | ૧૬૮૩૨.૬૯ | અ | ૧૨% |
| ૨૦૧૭–૨૦૧૮ | ૫૩૬.૮૨ | ૧૪૩૫૨ | ૧૦૨૩.૩૯ | ૩૪૨૩.૧૪ | ૩૨૩.૮૫ | ૧૨૪૩૯.૨૫ | ૩૦.૪૪ | ૧૧૧૭.૭૪ | ૧૧૬૮૨.૫૨ | +૧૧૫.૧૫ | ૧૯૩૫૨.૬૪ | અ | ૧૨% |
| ૨૦૧૮–૨૦૧૯ | ૫૭૮.૪૨ | ૧૫૦૭૧ | ૧૦૮૫.૭૩ | ૩૬૮૭.૩૩ | ૪૫૮.૫૩ | ૧૪૯૪૯.૨૪ | ૨૮.૧૩ | ૧૧૯૮.૧૭ | ૧૩૬૭૭.૩૮ | +૧૦૪.૯૯ | ૨૩૧૮૯.૧૮ | અ | (૧૨ %) ભલામણ |

| પેટા કાયદા ક્રમાંક | હાલનો પેટા કાયદો | સુધારા મુજબનો પેટા કાયદો | સુધારાનું કારણ |
|---|---|---|---|
| ૨૧ (૧)<br>(નવો સુધારો) | — | રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની તા. ૨૫-૬-૧૮ ની ડ્રાફ્ટ ગાઈડ લાઈન મુજબ આપણી બેંકે બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM) બનાવવાની રહેશે. તેમાં બેંકના બોર્ડ તરફથી ૩ સભ્યો તથા બેંકના બોર્ડ ની બહારના ૪ સભ્યો એમ કુલ મળીને ૭ સભ્યો રહેશે. તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM) ની મુદત બોર્ડ ઓફ ડીરેક્ટરર્સની મુદતને સમાતંર રહેશે.<br>બોર્ડ ઓફ મેનેજમેન્ટની કામગીરી :-<br>(૧) લોનની પ્રપોઝલનો અભ્યાસ કરવાનો અને જોવાનું કે આવી લોનો બોર્ડ દ્વારા મંજુર પોલીસીને આધારીત છે કે કેમ ? ચકાસણી કરી ત્યારબાદ લોન કમિટિ અથવા તો બોર્ડની મંજુરી માટે ભલામણ કરવાનું રહેશે.<br>(૨) NPA રીકવરી અને વન ટાઈમ સેટલમેન્ટ અંગેના બેંક દ્વારા કયા પગલા લેવા તે અંગેની ભલામણ<br>(૩) ફંડ મેનેજમેન્ટ અને બેંક દ્વારા અન્ય બેંકો પાસેથી લેવામાં આવતા ટુંકા ગાળાના ધિરાણનું મેનેજમેન્ટ.<br>(૪) રોકાણ ને લગતી પ્રપોઝલો તપાસવી અને બેંક દ્વારા નકકી કરવામાં આવેલી પોલીસી પ્રમાણે રોકાણો થાય છે કે કેમ ? તેનો અભ્યાસ કરી રોકાણ કમિટિ અથવા તો બોર્ડ ને તે અંગે ભલામણ મોકલવી.<br>(૫) મજબુત ઈન્ટરનલ કંટ્રોલ સીસ્ટમ રીસ્ક મેનેજમેન્ટ પોલીસીઓનો અમલ કરાવવો.<br>(૬) કોમ્પ્યુટરાઈઝેશન ટેક્નોલોજી બાબત.<br>(૭) ઓડિટ અને ઈન્સ્પેકશન ફંકશન બરાબર છે તે તપાસવું.<br>(૮) કમ્પલાયન્સનાં ફંકશનો જોવા.<br>(૯) ગ્રાહક સર્વિસ તથા ગ્રાહકોની ફરીયાદનો નીકાલ કરવો.<br>(૧૦) બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા આપવામાં આવતી અન્ય જવાબદારીઓ. | રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની ગાઈડ લાઈન મુજબ |



તા. ૩૦-૦૪-૨૦૧૯ ના રોજથી બેંકમાંથી નિવૃત્ત થઈ રહેલ શાખા મેનેજર શ્રી પ્રકાશભાઈ સન્મુખભાઈ વ્યાસને સાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું.



તા. ૩૧-૦૭-૨૦૧૯ ના રોજથી બેંકમાંથી નિવૃત્ત થઈ રહેલ શાખા મેનેજર શ્રી હરીશભાઈ છોટુભાઈ પટેલને સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરતા બેંકના ચેરમેનશ્રી ગૌતમભાઈ યુ. વ્યાસ, વાઈસ ચેરમેનશ્રી હિરાચંદજી શાહ તથા એમ.ડી.શ્રી. ડો. ચેતનભાઈ સી. પટેલ

પ્રકાશક : ચેરમેનશ્રી ગૌતમભાઈ ઉમિયાશંકર વ્યાસ
ધી બારડોલી નાગરિક સહકારી બેંક લિમિટેડ, ઉપલી બજાર, બારડોલી-૩૯૪૬૦૧, જિ. સુરત.
મુદ્રક : જીવન પ્રિન્ટર્સ એન્ડ પેપર્સ બારડોલી. ફોન : (૦૨૬૨૨) ૨૨૩૧૬૧

## આપણી બેંક હવે ૨૪ કલાક આપણા મોબાઈલમાં

- ખાતા અંગે સંપૂર્ણ માહિતી
- ફંડ ટ્રાન્સ્ફર સુવિધા ૨૪ કલાક ૩૬૫ દિવસ
- બેંકિંગ ૨૪ કલાક
- NEFT/IMPS
- ચેકબુક રિક્વેસ્ટ
- મિની સ્ટેટમેન્ટ
- સ્ટોપ પેમેન્ટ
- સ્ટેટમેન્ટ ઈન્કવાયરી/પ્રિન્ટ
- ATM કાર્ડ ON/OFF




- થાપણ પર આકર્ષક વ્યાજના દર
- આકર્ષક નીચા વ્યાજના દરે લોન/ધિરાણ
- ગ્રાહકો માટે લોકર્સની સુવિધા
- સ્ટેમ્પ ફ્રેન્કીંગ સુવિધા (સ્ટેશન શાખા)
- ભવિષ્યમાં સરળતા ખાતર થાપણ ખાતાઓ તથા લોકરમાં નોમીનેશન કરાવવું હિતાવહ છે.
- ATM કમ ડેબીટ કાર્ડ ધારકની સુવિધા
- RTGS-NEFT ની સુવિધા
- મોબાઈલ બેંકિંગ અને IMPSની સુવિધા
- દરેક સભાસદને રૂા. ૩ લાખનું અકસ્માત વિમા કવચ
- બેંકનો IFSC Code: GSCB0UTBNBL
- રૂા. ૫૦૦૦/- કે તેથી વધુ રકમના ટ્રાન્ઝેક્શનમાં SMS સુવિધા
- થાપણદારોની રૂા. ૧ લાખ સુધીની થાપણ ડિપોઝીટ ઈન્સ્પોરન્સ એન્ડ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન દ્વારા વીમાથી સુરક્ષિત છે.
- BBPS ની સુવિધા
- બેંકનો GST No. : 24AAAAT3967C1ZN

Book-Post

પ્રતિશ્રી ..............................................

..............................................

..............................................

..............................................

If not delivered please return to :

## ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ.

ઉપલી બજાર, બારડોલી-૩૯૪૬૦૧, જિ. સુરત

ઉપલી બજાર, બારડોલી-૩૯૪૬૦૧, જિ. સુરત ■ હેડ ઓફિસ ફોન (૦૨૬૨૨) ૨૨૦૨૩૮, ૨૨૩૨૩૭ ■ ફેક્સ નં. (૦૨૬૨૨) ૨૨૫૩૩૮
■ મેઈન બ્રાંચ ફોન: (૦૨૬૨૨) ૨૨૯૨૩૮ ■ સ્ટેશન બ્રાંચ (૦૨૬૨૨) ૨૨૩૬૩૮ ■ ગાંધી રોડ બ્રાંચ (૦૨૬૨૨) ૨૨૨૨૩૮ ■ મઢી બ્રાંચ (૦૨૬૨૨) ૨૪૧૦૩૮